## પોલીસ પર હુમલો કરનાર ચીકલીગર ગેંગના સભ્યને ઝડપી પાડી, ઘરફોડ ચોરી તથા વાહન ચોરીનાં અનેક ગુનાઓનો ભેદ ઉકેલતી ક્રાઇમ બ્રાન્ચ:-

ગઇ તા. ૧૩/૦૭/૨૦૧૯ ના રોજ મળેલ બાતમીના આધારે સુરત શહેર તથા ગ્રામ્ય વિસ્તારોમાં વાહન ચોરી તથા ઘરફોડ ચોરી કરતાં ચીકલીગર ગેંગના સભ્યોને ઝડપી પાડવા ક્રાઈમ બ્રાન્ચના અધિકારી/પોલીસ માણસો વર્કઆઉટમાં હતા દરમ્યાન સુરત ભાઠેના વિસ્તારમાં આવેલ રામદેવ રો હાઉસ ખાતે ચીકલીગર ગેંગના ઇસમો ઘરફોડ ચોરી કરવાના ઇરાદે આવતાં ક્રાઇમ બ્રાન્ચની જુદી જુદી ટીમોએ કોર્ડન કરવા જતા આરોપીઓએ પોલીસ અધિકારી કર્મચારીઓ પર જીવલેણ હુમલો કરેલ. જે દરમ્યાન ક્રાઇમ બ્રાન્ચ દ્વારા આરોપી નાનકસિંગ ઉર્ફે કુલદીપસીંગ S/O બલ્લેસીંગ ઉર્ફે જોગીંદરસીંગ ઉર્ફે રોશનસીંગ ટાંક (ચીકલીગર) ઉ.વ.૩૩ રહે. બીલ્ડીંગ ઇ/૨૨, રૂમ નં. ૧, એસ.એમ.સી.આવાસ, ભેસ્તાન, સુરતનાને ઝડપી પાડવામાં આવેલ તથા આરોપી વિરૂધ્ધ ડી.સી.બી. પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૧૩/૧૯ ઇ.પી.કો. કલમ ૩૦૭,૩૩૨,૩૫૩,૪૨૭,૩૪ જી.પી.એક્ટ ૧૩૫ મુજબ ગુનો રજી. કરી આ ગુનાના કામે આરોપીઓએ વાપરેલ સફેદ કલરની ઇકો કાર નં. GJ05-JB-0730 બાબતે તપાસ કરતાં સદર કાર વેલંજા ગામ, આદર્શનગર ખાતેથી તા. ૦૯/૦૭/૨૦૧૯ના રોજ ચોરી થયેલ હોવાનું જણાઇ આવેલ જે બાબતે કામરેજ પો.સ્ટે. I ૧૭૪/૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ ગુનો રજી. કરવામાં આવેલ તથા આ જ ચોરી કરેલ ઇકોમાં આરોપીઓએ ઇકો ચોરી કર્યાની રાત્રે જ કઠોર ગામમાં આવેલ રાબીયા હાઉસમાં અનેક ઘરોમાં ઘરફોડ ચોરીઓ કરેલ જે બાબતે કામરેજ પો.સ્ટે. I ૧૬૬/૧૯ ઇ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦ મુજબનો ગુનો રજી. કરવામાં આવેલ.

આ ઉપરાંત પકડાયેલ આરોપીની પૂછપરછ દરમ્યાન આરોપીએ જણાવેલ કે આરોપી નાનકસિંગ ચીકલીગર પોતાના સાગરીતો સાથે મળી સૌપ્રથમ સુરત શહેર તથા ગ્રામ્ય વિસ્તારોમાંથી ઇકો ગાડીની ચોરી કરી, બંધ ઘરોને નિશાન બનાવી નકુચા તોડી છેલ્લા ઘણા સમયથી સુરત શહેર, સુરત ગ્રામ્ય તથા નવસારી તથા અન્ય જીલ્લાઓમાં અનેક ઘરફોડ ચોરીઓને અંજામ આપતા આવેલ છે. ગુનો આચરતી વખતે પોલીસ કે પબ્લીક દ્વારા પ્રતિકાર કરવાના કિસ્સાઓમાં પ્રાણઘાતક હથિયારો બતાવી તેઓ પર હુમલો કરવાની પણ તૈયારી રાખતા હોવાનું પકડાયેલ આરોપીએ પોતાની કબૂલાતમાં જણાવેલ છે. આરોપીએ કરેલ કબૂલાત તથા ક્રાઇમ બ્રાન્ચે કરેલ વર્કઆઉટ દરમિયાન નીચે મુજબનાં ગુનાઓનો ભેદ ઉકેલાયેલ છે.

ઘરફોડ ચોરીનાં ગુનાઓ :-

(૧) ખટોદરા પો.સ્ટે. I ૧૯૫/૧૮ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ (૨) અડાજણ પો.સ્ટે. I ૧૮૮/૧૮ ઇપીકો કલમ ૪૫૭,૩૮૦ (૩) ઉધના પો.સ્ટે. I ૧૬૧/૧૮ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ (૪) મહિધરપુરા પો.સ્ટે. I ૧૪૮/૧૮ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ (૫) મહિધરપુરા પો.સ્ટે. I ૧૭૮/૧૮ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ (૬) ઉમરા પો.સ્ટે. I ૩૬૫/૧૮ ઇપીકો કલમ ૪૫૭,૩૮૦ (૭) ઉમરા પો.સ્ટે. I ૩૬૮/૧૮ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ (૮) ઉમરા પો.સ્ટે. I ૩૬/૧૯ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ (૯) વરાછા પો.સ્ટે. I ૪૩૮/૧૮ ઇપીકો કલમ ૪૫૭,૩૮૦ (૧૦)વરાછા પો.સ્ટે. I ૪૭૬/૧૮ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ (૧૧)વરાછા પો.સ્ટે. I ૦૯/૧૯ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ (૧૨) અઠવા પો.સ્ટે. I ૧૭૩/૧૮ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ (૧૩) અઠવા પો.સ્ટે. I ૧૭૪/૧૮ ઇપીકો કલમ ૪૫૭,૩૮૦ (૧૪) કામરેજ પો.સ્ટે. I ૧૬૬/૧૯ ઇપીકો કલમ ૪૫૭,૩૮૦ (૧૫) લિંબાયત પો.સ્ટે. I ૨૨૬/૧૯ ઇપીકો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦.

વાહન ચોરીના ગુનાઓ:-

(૧) કામરેજ પો.સ્ટે. I ૧૫૯/૧૭ ઇપીકો કલમ ૩૭૯ (૨) કામરેજ પો.સ્ટે. I ૨૦૭/૧૮ ઇપીકો કલમ ૩૭૯ (૩) કામરેજ પો.સ્ટે. I ૩૩૯/૧૮ ઇપીકો કલમ ૩૭૯ (૪) કામરેજ પો.સ્ટે. I ૧૭૪/૧૯ ઇપીકો કલમ ૩૭૯ (૫) નવસારી રૂરલ પો.સ્ટે. I ૧૩૩/૧૮ ઇપીકો કલમ ૩૭૯ (૬) ઉધના પો.સ્ટે. I ૧૬૧/૧૮ ઇપીકો કલમ ૩૭૯ (૭) ઉધના પો.સ્ટે. I ૨૦૩/૧૮ ઇપીકો કલમ ૩૭૯ (૮) ઉધના પો.સ્ટે. I ૯૨/૧૯ ઇપીકો કલમ ૩૭૯ (૯)ખટોદરા પો.સ્ટે. I ૨૬/૧૯ ઇપીકો કલમ ૩૭૯ (૧૦)ઇચ્છાપોર પો.સ્ટે. I ૮૧/૧૮ ઇપીકો કલમ ૩૭૯ (૧૧)કડોદરા જીઆઇડીસી પો.સ્ટે. ૧૧૨/૧૮ ઇપીકો કલમ ૩૭૯.

આ ગુનાના કામે આરોપીઓ ઇકો ગાડીની ચોરી કરી ઘરફોડ ચોરીના ગુના આચરતા આવેલ છે અને ત્યાર બાદ ચોરી કરેલી ઇકો ગાડી બીનવારસી મૂકી દેતા હોય છે જેથી ઉપરોક્ત વાહનચોરી પૈકીની તમામ ઇકો ગાડીઓ રીકવર કરી લેવામાં આવેલ છે.